રાજ્યમાં કોરોનાના નવા ૧૫૮૦ કેસ

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૧૫૮૦ દર્દીઓ નોંધાયા હતા.

અત્યાર સુધીમાં કુલ ૩૦૪૮૪૬૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૫૯૬૮૯૩ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઇ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૩૬૪૫૩૫૫ લોકોને રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૨૦૯૩૦૫ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિમાં રસીની કોઇ ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોરોનાનાં કુલ ૧૫૮૦ દર્દી નોંધાયા અને રાજ્યમાંથી ૯૮૯ દર્દીઓ સાજા થયા. આ ઉપરાંત રાજ્યનો રિકવરી રેટ ઘટીને ૯૫.૯૦ ટકા થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨૭૫૨૩૮ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ કુલ ૭૩૨૧ કોરોનાના એક્ટિવ કેસ છે. ૭૧ લોકો વેન્ટિલેટર પર છે. ૭૨૫૦ લોકો સ્ટેબલ છે. ૨૭૫૨૩૮ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪૪૫૦ લોકોનાં અત્યાર સુધી રાજ્યમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. રાજ્યમાં કોરોનાને કારણે આજે કુલ ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનનાં ૩, સુરત કોર્પોરેશનનાં ૨, અને વડોદરા કોર્પોરેશનનાં ૧, ગાંધીનગરમાં ૧ વ્યક્તિ સહિત કુલ ૭ લોકોનાં મોત નિપજ્યાં છે.

સમાચાર રફતાર

- પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે ભાજપનો ચૂંટણી ઢંઢેરો કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે રજૂ કર્યો.
- રાજસ્થાનના આઠ શહેરોમાં રાત્રિ કરફ્યુ લગાવાયો, અજમેર, ભીલવાડા, જયપુર, જોધપુર, કોટા, ઉદેપુર, સાગવાડા અને કુશલગઢમાં રાત્રે ૧૧ થી સવારે ૫ સુધી કરફ્યુ.
- લોકસભાના અધ્યક્ષ ઓમ બીડલા કોરોનાથી સંક્રમિત, એઈમ્સમાં સારવાર માટે દાખલ.
- અમરનાથ યાત્રા માટે પહેલી એપ્રિલથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા આરંભાશે.
- ગોવામાં લગ્ન પ્રસંગમાં હાજરી આપી પરત આવેલા વલસાડના ૧૬ જાનૈયાઓ કોરોનાથી સંક્રમિત.
- કર્ણાટકના મુખ્યમંત્રી યેદુરપ્પા સામે પક્ષમાં બળવો.
- ભાજપ સંસદીય દળની બેઠક ૨ ઉમીએ યોજાશે.
- અમદાવાદની એર ક્વોલીટી પૂઅર કક્ષામાં પહોંચી.
- કર્ણાટકમાં ત્રણ જણ વાઘના શિકારનો ભોગ બન્યા.

અરવલ્લી ભાજપ યુવા મોરચાના મહામંત્રી કશ્યપ પટેલ પર હુમલો

માલપુરમાં ધારાસભ્ય જશુ પટેલ અને પુત્રએ હુમલો કર્યો હોવાના આક્ષેપથી જિલ્લામાં ખળભળાટ

ભાજપ-કોંગ્રેસ કે અન્ય પક્ષના નેતાઓની દબંગગીરીના કિસ્સાઓ સામાન્ય બન્યા છે ત્યારે અરાવલ્લી ભાજપ યુવા મોરચાના મહામંત્રી પર બાયડ-માલપુર કોંગ્રેસના ધારસભ્ય જશુ પટેલ અને તેમના પુત્ર નિશ્ચલ પટેલ અને તેમના મળતીયાઓએ હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ થતા જીલ્લાના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે મારામારીનો ભોગ બનેલ યુવા મોરચાના કશ્યપ પટેલને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો ભાજપના યુવા મોરચાના મહામંત્રી પર બાયડના ધારાસભ્ય જશું પટેલ અને તેમના પુત્રએ હુમલો કર્યો હોવાનું બાયડ પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી ભોગ બનનાર કશ્યપ પટેલના સમર્થનમાં આવ્યા હતા બીજીબાજુ કશ્યપ પટેલે સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી માલપુર પોલીસ ધારાસભ્ય વિરુદ્ધ ગૂન્હો નહિ નોંધાતી હોવાના આક્ષેપ સાથે ૨૪ કલાકમાં ફરિયાદ નહીં નોંધાય તો પરીવાર સાથે આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરોએ માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા હોબાળો કરી જીલ્લા પંચાયત સદસ્યએ માલપુર પોલીસ સ્ટેશનમાં પીઆઈ સામે માલપુર નાગરિક બેંકના આસિસ્ટન્ટ મેનેજરને કાનના કીડા ખરી પડે તેવી બીભસ્ત ગાળો બોલતા ભારે ચકચાર મચી હતી અને જીલ્લા પંચાયત સદસ્યનો વાણી વિલાસ કરતો વિડીયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે હાલ તો રાજકીય દંગલમાં માલપુર પોલીસનો મરો થઇ રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

અરવલ્લી ભાજપ યુવા મોરચાના મહામંત્રી કશ્યપ પટેલે સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી આક્ષેપ કર્યો હતો કે શનિવારે માલપુર નાગરીક સહકારી બેંકની સામાન્ય સભા માલપુર સભાખંડમાં મળી હતી જેમાં કશ્યપ પટેલે તેમનું સભાપદ કયા કારણોસર રદ થયું અંગે સવાલ પુછાતાની સાથે સામાન્ય સભામાં હાજર બાયડ-માલપુરના ધારાસભ્ય જશું પટેલ તેમના પુત્ર નિશ્ચલ પટેલ તેમના ભાઈ અને મળતિયા પ્યારે નામના શખ્શે તાજેતરમાં સ્થાનીક સ્વરાજની ચૂંટણીનું મનદુ:ખ રાખી હુમલો કરતા શરીરે ઈજાઓ પહોંચી હોવાનું અને હાલ દવાખાનામાં સારવાર હેઠળ હોવાનું જણાવ્યું હતું અને પોલીસ ફરિયાદ ન નોંધતી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ભાજપના યુવા કાર્યકર પર હુમલો થતા બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરી કોંગ્રેસના જશુ પટેલ અને તેમના પુત્રએ ભાજપના યુવા કાર્યકર કશ્યપ પટેલ પર સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસનો રકાસ થતા તેની અદાવતમાં હુમલો કરવામાં આવ્યો હોવાનું અને જે ને હુમલો કર્યો હશે તેવા હુમલાખોરને છોડવામાં નહીં આવેનું જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લા ભાજપ યુવા મોરચાના મહામંત્રી કશ્યપ પટેલ પર હુમલાની ઘટના પછી સ્થાનીક ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે માલપુર પોલીસ ફરિયાદ નહીં નોંધતી હોવાના આક્ષેપ સાથે ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો માલપુર પોલીસ સ્ટેશન ધસી ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો તેમજ માલપુર નાગરિક બેંકના આસિસ્ટન્ટ મેનેજર અરજી આપવા પહોંચતા જીલ્લા પંચાયત સદસ્યએ પોલીસસ્ટેશનની ઓફિસમાં પીએસઆઈની હાજરીમાં ભારે ગાળાગાળી કરતા પોલીસ અધિકારી અગમ્ય કારણોસર લાચાર બની સમગ્ર તમાશો જોવા મજબુર બની હોબાળો શાંત કરવા પ્રયત્નો હાથધર્યા હતા.

બનાસકાંઠામાં કોરોના પોઝિટીવના ૧૧ કેસ નોંધાયા

પાલનપુરમાં ૦૬, ડીસામાં ૦૪ અને વડગામમાં ૦૧ કેસ નોંધાયો

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના એ ફરી માથું ઊંચક્યું છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં આજે નવા ૧૧ કેસ નોંધાતા એક્ટિવ કેસની સંખ્યા ૨૫ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના ફરી વક્યો છે. ત્યારે જિલ્લામાં આજે ૪૫૦ સેમ્પલ લેવાયા હતા. જેમાંથી ૧૧ કેસ કોરોના પોઝીટીવ આવ્યા હતા. જેમાં જિલ્લા મથક પાલનપુરમાં ૦૬, વેપારી મથક ડીસામાં ૦૪ અને વડગામમાં ૦૧ કેસ નોંધાયો હોવાનું આરોગ્ય વિભાગ ના સૂત્રોએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં આજે ૧૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં ૨૫ કેસ એક્ટિવ હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, લોકોની બેદરકારી અને તંત્રના આંખમિચામણાને પગલે કોરોના વધુ વકરે તે પૂર્વે તંત્ર લાલ આંખ કરે તે જરૂરી બન્યું છે.

તલોદ ટીઆર ચોકડી પાસે કિસાન રેલીને પોલીસે અટકાવી

તલોદ, તા. ૨૧

તલોદ તાલુકા કિસાન સંઘના ઉપક્રમે તાલુકાના ખેડૂતો મુખ્યમંત્રીને પડતર સમસ્યા સંદર્ભે આવેદનપત્ર આપવા બાઈક લઈને ગાંધીનગર જવાનો પ્રયાસ કરતા જ તલોદ ટી.આર. ચોકડી પાસે તેઓને અટકાવીને પોલીસે અટકાયત કરી હતી. ગાંધીનગર તરફ જવા નીકળેલા ખેડૂતો પૈકીના ૧૩ ખેડૂતોની પોલીસે અટકાયત કરી હતી જેઓને થોડાક સમય બાદ મુક્ત કર્યા હતા.

રાજ્યભરમાંથી કિસાન સંઘના નેજા હેઠળ ખેડૂતો ગાંધીનગર પહોંચે અને મુખ્યમંત્રી રૂપાણીને આવેદનપત્ર આપે તેવો એજન્ડા કિસાન સંઘનો હતો. જે અન્વયે તલોદ તાલુકા કિસાન સંઘના પ્રમુખ કોદરભાઈ પટેલ સહિતના હોદ્દેદારો અને ખેડૂતો ગાંધીનગર બાઈકરેલી સ્વરૂપે નીકળ્યા હતા. જેઓને તલોદથી આગળ વધતા પોલીસે અટકાવી દીધા હતા. ખેડૂતઆલમનો દાવો છે કેસરકાર ઘઉં, ચણા અને ડાંગર જેવા ખેત ઉત્પાદનો પોષણક્ષમ ભાવોમાં ખુબ ઓછા ખરીદ કરે છે. જે ગત વર્ષે ખેડૂત દીઠ ૧૨૫ મણની ખરીદી થતી હતી જેમાં સરકારે બેરહમ કાપ મુક્યો છે. બટાકાના ભાવો ગગડી ગયા છે જેથી બટાકાનુ વાવેતર કરતા ખેડૂતોની હાલત દયનીય છે. તો સરકાર કોઈ યોગ્ય રાહતજનક યોજના અમલી બનાવી ખેડૂતોની વ્હારે આવે તેવી માંગ થઈ રહી છે. ખેડૂતોની પડતર માંગણીઓમાં બાકી રહેલ પાક વીમાની રકમની ચુકવણી, તળાવ સહીતના જળાશયો ભરવા, ડીઝલ ઉપર સબસીડી, ખેત ઓજારો અને ટ્રેક્ટર જેવા વાહનોને જીએસટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવી જેવી અનેક માંગણીઓનો સમાવેશ થાય છે. ખેડૂતોની માંગણીઓ નહી સંતોષાતા આ દિવસને શહીદ દિન તરીકે ઉજવવાનું નક્કી કરીને મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવાનું આયોજન કર્યુ હતુ.

ગરમીનો પ્રારંભ થઈ ચુકયો છે પરંતુ હજુ વહેલી સવારે વાતાવરણમાં થોડીક ઠંડક છવાયેલી રહે છે. સવારનું વાતાવરણ આહલાદક અને માણવાલાયક હોય છે. આરોગ્યની કાળજી રાખનારાઓ વહેલી સવારે વોકીંગ અને જોગીંગ પર નીકળી પડે છે. સાયકલીંગ કરવાવાળાઓની સંખ્યા પણ સારી એવી જોવા મળી જાય છે.

પાલનપુરમાં વેક્સિનની કામગીરી સ્થળ પર જ કોરોના ગાઈડ લાઈનનો ભંગ

ભાજપ-કોંગ્રેસના નગરસેવકો અને અગ્રણીઓ સામે તંત્રના આંખ મિચામણા

એકબાજુ દેશભરમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું છે. ત્યારે પાલનપુરમાં કોરોનાની રસીકરણની કામગીરી દરમિયાન જ કોરોના ગાઈડલાઈનનો સરેઆમ ભંગ થતો હોવાના વિડિઓ અને તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે. ત્યારે કોરોના વેકસીન સ્થળે ભાજપ-કોંગ્રેસ અગ્રણી ઓ દ્વારા સસ્તી પ્રસિદ્ધિની લ્હાયમાં કોરોના ગાઈડલાઈનના ઉડતા ધજીયા સામે ગાંધારીની ભૂમિકામાં રહેલા તંત્ર સામે લોકો બળાપો ઠાલવી રહ્યા છે.

પાલનપુર વોર્ડ વાઈઝ કોરોનાની રસીકરણની કામગીરી ચાલી રહી છે. જ્યાં પાલનપુર નગરપાલિકાના નવા ચૂંટાયેલા સભ્યો લોકોને રસીકરણ કરાવી રહયા છે. જોકે, રસિકરણમાં પણ સસ્તી પબ્લિટીની લ્હાયમાં ભાજપ કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા સોશીયલ ડીસ્ટન્સના અભાવ સાથે કોરોના ગાઈડલાઈનનો સરેઆમ ભંગ થઈ રહ્યો હોવાની રાવ ઉઠી છે.

રાજયભરમાં કોરોના વાયરસના કેસોમાં ફરી વધારો થઈ રહયો છે.જેથી સરકાર દ્વારા વધુ તકેદારી રાખવા અપીલ કરી રહી છે.તો બીજી તરફ કોરોના સામે રક્ષણ મળી રહે તે માટે સરકાર દ્વારા પાલનપુર શહેરના વોર્ડ વાઈજ કોરોના રસીકરણના કેમ્પ કરી લોકોને સુરક્ષીત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહયા છે. જેમાં વધુમાં વધુ લોકો કોરોનાની વેક્સિન લે તે માટે ભાજપ કોંગ્રેસના નગરસેવકો પોતાના વોર્ડમાં પ્રયાસો કરી રહયા છે. પરંતુ સસ્તી પબ્લિસિટીની લ્હાયમાં નગરસેવકો દ્વારા કોરોના ગાઈડ લાઈનનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. કોરોના વેક્સિનની કામગીરીના કેમ્પ પર ભાજપ કોંગ્રેસના નગર સેવકો માસ્ક પહેરી રસી કરણ કરાવવા માટે લોકોને બોલાવી રહ્યા છે.પરંતુ નગરસેવકો અને કાર્યકરોએ માસ્ક મોઢા ઉપર રાખવાના બદલે દાઢી સુધી રાખી સામુહીક તસવીરો પડાવી સોશીયલ ડીસ્ટન્સની જાળવણી રાખવમાં ન આવી હોય તેવુ તસવીરમાં નજરે પડી રહયુ છે. જે તસવીરો સોશિયલ મીડિયામાં ફરતી થતા લોકોએ કોરોનાના વધતા જતા પ્રકોપ સામે રાજકીય અગ્રણીઓની ઘોર બેદરકારી સામે ભારે રોષ ઠાલવતા તંત્ર તેઓના કાન આમળે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

મોડાસામાં ભારત વિકાસ પરિસદ દ્વારા "સ્વચ્છ મોડાસા...ગ્રીન મોડાસા" અભીયાનનો પ્રારંભ

શહેરને સુંદર બનાવાવ શહેરીજનોને આહવાન

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ભારત વિકાસ પરીસદ શાખાએ શહેરને કચરામુક્ત મોડાસા બનાવવા માટે

અભીયાન હાથધરી સ્વચ્છ મોડાસા...ગ્રીન મોડાસાનો પ્રારંભ કર્યો હતો ભારત વિકાસ પરિસદ શાખા દ્વારા શહેરના માલપુર રોડ પર તાલુકા પંચાયત કચેરી સામે સફાઈ અભિયાન હાથધર્યું હતું અને શહેરીજનોને અભિયાનમાં જોડાવવા આહવાન કર્યુ હતું

ભારત વિકાસ પરિસદ મોડાસા શાખાના પ્રમુખ ડૉ. એન.જી બિહોલા અને તેમની ટીમ અને કોર્પોરેટર પ્રીયંક પટેલ, સંજય કડીયાએ સ્વચ્છ મોડાસા...ગ્રીન મોડાસા અભિયાન હેઠળ બાલાજી કોમ્પ્લેક્ષ અને આજુબાજુના વિસ્તારમાં સફાઈ અભિયાન હાથધર્યું હતું પરિસદના પ્રમુખ એન.જી.બિહોલાએ શહેરને સ્વચ્છ બનાવવા આહવાન કરી કચરો કચરા પેટીમાં નાખવા અને નગરપાલિકાના ટ્રીપરવાનમાં કચરો નાખવા અને શહેરને સ્વચ્છ બનાવવા શહેરીજનોને આહવાન કર્યું હતું

અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે શહેરમાં નેતા,રાજકીય અગ્રણીઓ અનેક સેવાકીય સંસ્થાઓ શહેર સ્વચ્છ બનાવવા અભિયાન હાથધરતાં હોય છે પણ આ અભિયાન ફોટો શેશન પૂરતું બની રહે છે અને સ્વચ્છ મોડાસા શહેરમાં ગંદકીના ખડકલા યથાવત જોવા મળતા હોય છે ત્યારે ભારત વિકાસ પરિસદ શાખાનું સ્વચ્છ મોડાસા....ગ્રીન મોડાસા અભિયાન આરંભે સુરા સાબીત નહીં થાય જો કે આ અભિયાનને જીવંત રાખવા શહેરીજનોમાં જાગૃતતા હોવાની સાથે ભારત વિકાસ પરિસદના અભિયાન નિષ્પક્ષ અભિયાન બની રહે તે ખુબ જરૂરી છે લોકોએ પરીસદના અભિયાનની સરાહના કરી હતી

ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ગૃહમાં મુકતેશ્વર ડેમ અને કરમાવત તળાવમાં નર્મદાના પાણી લાવવા રજૂઆત કરી

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી એ હાલમાં ચાલી રહેલા બજેટ સત્રમાં ગુજરાત વિધાનસભામાં સરકાર ને આકરા સવાલ કર્યા હતા. ૧૧૬ની નોટિસ આપી વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી એ ગુજરાતના પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાને વડગામના ખરોડિયા ગામે તાજેતરમાં તૂટેલી પાઈપલાઈનના કારણે દિવસો સુધી હજારો લીટર પાણીનો જે વ્યય થાય હતો. એ બાબતે કરવામાં આવેલી કામગીરીનો રિપોર્ટ માંગ્યો હતો. જવાબમાં મંત્રીએ લેખિત નિવેદન કહેલ કે વડગામ ગામોમાં ધરોઈ જૂથ યોજનાનું પાણી આપવામાં આવે છે અને ખરોડિયા ખાતે તૂટેલી પાણીની પાઈપનું સમારકામ થયેલ છે.

મંત્રીએ આપેલા નિવેદનમાં લેખિતમાં જણાવવામાં આવેલ કે બનાસકાંઠા જિલ્લામાં ઉત્તર પૂર્વ ભાગે ખડકાળ વિસ્તાર હોય ત્યાં ઊંડા બોર કરવા શક્ય નથી. ત્યારે જવાબ માં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ દલીલ કરી હતી કે, એક તરફ ઊંડાબોર બનાવવા શક્ય નથી. અને બીજી તરફ ધરોઈનું પાણી તમામ ગામોને મળતું નથી. એ સંજોગોમાં વડગામના પાણીના પ્રશ્નના કાયમી ઉકેલ માટે જરૂરી છે કે મુકતેશ્વર ડેમ અને કરમાવત તળાવને નર્મદાના નીરથી ભરી દેવામાં આવે. શું આ બાબતે આપ નું કોઈ આયોજન છે? જવાબમાં મંત્રીશ્રીએ કહેલું કે આ આખો વિષય સિંચાઈ મંત્રીના તાબામાં આવે છે. ઊંડા બોર બનાવવા કહયું કે, વડગામના તમામ ગામોમાં ધરોઈ જુથ યોજના નું પાણી મળતું નથી. તો આ પરિસ્થિતિમાં વડગામના ખેડૂતો અને નાગરિકો માટે ખૂબ જરૂરી છે કે, ત્યાંના મુકતેશ્વર ડેમ અને કરમાવત તળાવને નર્મદાની કેનાલ સાથે લીંક કરવામાં આવે અને એમાં પાણી પહોચાડવા સરકારનું શુ આયોજન છે.

૩ લાખને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતમાં કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા વધીને ૧,૧૫,૯૯,૧૩૦ પર પહોંચી ગઈ છે. જ્યારે કુલ ૧,૧૧,૩૦,૨૮૮ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થઈ ગયા છે.

ફેબ્રુઆરી બાદ નવા કેસની સંખ્યામાં સતત વધારો થવાની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઓછી રહેવાના લીધે દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૩ લાખને પાર કરીને ૩,૦૯,૦૮૭ પર પહોંચી ગયો છે. એક સમય આ આંકડો એક લાખની અંદર પહોંચવાની તૈયારીમાં હતો જોકે, મહારાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, દિલ્હી સહિતના રાજ્યોમાં નવા કેસની સંખ્યા વધવાથી એક્ટિવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

પાછલા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૧૯૭ દર્દીઓએ કોરોના સામે દમ તોડ્યો છે, જેની સાથે દેશનો કુલ મૃત્યુઆંક વધીને ૧,૫૯.૭૫૫ થઈ ગયો છે. ભારતમાં નોંધાતા નવા કેસનો આંકડો ૧૧૫ દિવસ પછી નવો રેકોર્ડ તોડ્યો છે. ૨૪ કલાકમાં નોંધાયેલા ૧૯૭ મૃત્યુઆંક સાથે ૯૭ દિવસ જૂનો રેકોર્ડ તૂટ્યો છે. દેશમાં સૌથી ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રની છે જ્યાં ૨૪ કલાકમાં ૧૩,૪૪૬ નવા કેસ નોંધાયા છે, અને વધુ ૯૨ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે.

ભારતમાં અત્યાર સુધીમાં ૪,૪૬,૦૩,૮૪૧ લોકોને કોરોના વાયરસના ડોઝ આપવામાં આવ્યા છે. હાલ દેશમાં ૪૫ વર્ષથી વધુની ઉંમરના ગંભીર બીમારીથી પીડાતા અને ૬૦ વર્ષથી વધુની ઉંમરના નાગરિકોને રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે.

ઝ્રસ્ઈ મુજબ ૨૩,૩૫,૬૫,૧૧૯ લોકોના કોરોના ટેસ્ટ માટે ૨૦ માર્ચ સુધીમાં સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૧,૩૩,૬૦૨ લોકોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર સરકારમાં ટૂરિઝ્મ અને પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરે કોરોના સંક્રમિત થઈ ગયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના દીકરા આદિત્ય ઠાકરેએ શનિવારે સાંજે ટ્વીટ કરી જણાવ્યું કે કોવિડના કેટલાક લક્ષણ દેખાવા પર મેં મારો ટેસ્ટ કરાવ્યો હતો, આજે તેનો રિપોર્ટ આવ્યો છે. હું કોરોના પોઝિટિવ મળી આવ્યો છું, મારા સંપર્કમાં આવ્યા હોય તેવા લોકોને કોરોનાનો ટેસ્ટ કરાવી લેવા અપીલ કરું છું.

ફેંસલો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમુખ પર ગંભીર આરોપ લગાવ્યા છે. દેશમુખ પર લગાવવામાં આવેલા આરપોના કોઈ પુરાવા આપવામાં આવ્યા નથી. સિંહના આ પત્રમાં એ સ્પષ્ટ નથી કરવામાં આવ્યું કે, આ પૈસા કોની પાસે ગયા. સાથે જ પત્ર પર પરમબિર સિંહના હસ્તાક્ષર પણ નથી.

પવારે કહ્યું હતું કે, રાજ્યના ગૃહમંત્રી અનિલ દેશમુખ પર ૧૦૦ કરોડ રૂપિયાની વસુલી કરવાના ગંભીર આરોપ લગાવ્યા છે. પરંતુ સચિન વાઝેને પાછો પોલીસમાં લેવાને લઈને કહ્યું હતું કે, વાઝેને પાછો મુખ્યમંત્રી કે ગૃહમંત્રીએ નહીં પોલીસ કમિશ્નર પરમબીર સિંહે જ લીધો હતો.

શરદ પવારે કહ્યું હતું કે, મુખ્યમંત્રી પાસે નિર્ણય લેવાનો અધિકાર છે. પરમબીર સિંહે કમિશ્નર પદે રહેતા ગૃહમંત્રી પર આરોપ નહોતા લગાવ્યા. આ મામલે તપાસ બાદ જ મુખ્યમંત્રી કોઈ નિર્ણય લેશે. તેમણે કહ્યું હતું કે, આ આરોપની સરકારની છબી પર કોઈ જ અસર નહીં પડે. જોકે સરકારને અસ્થિર કરવાના પ્રયાસ જરૂર હોઈ શકે છે. પવારે કહ્યું હતું કે, આગામી બે-ત્રણ દિવસમાં અનિલ દેશમુખને લઈને જરૂર કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે. મુખ્યમંત્રી અને પાર્ટી નેતાઓ સાથે વાતચીત બાદ કોઈ નિર્ણય લેવામાં આવશે. પવારે આ કેસની જુલિયા રિબેરો પાસે તપાસ કરાવવાની માંગણી કરી છે. જુલિયા રિબેરો મહારાષ્ટ્રના જાણીતા અને સ્વચ્છ છબી ધરાવતા પોલીસ અધિકારી રહી ચુક્યા છે.

નવા ૩૧ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દર્દીઓ પણ જે સંક્રમિત થઈ રહ્યા છે તેથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૨૪૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્યમાં આજે ૬૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૯૧૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૬ કેસ કોરોનાના નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે શહેરમાં નોંધાયેલા તમામ દર્દીઓ ૫૦ થી ૭૭ વર્ષની વય ધરાવતા લોકો છે.

શહેરમાં મહિલા દર્દી તેમજ મોટી વયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રએ મોટી વયના લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૨, ૫ અને સે. ૨ માંથી ૩-૩ કેસ તો સે. ૨૩ માંથી બે કેસ મળવા ઉપરાંત સે. ૩, ૪, ૮, ૨૭ અને ૨૮ માંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં બેંક ઓફ બરોડાના બે કર્મયોગી, સે. ૧૭ની લાયબ્રેરીના હેડ ઈન્ચાર્જ, શિક્ષક, કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસોની સંખ્યા વધી જવા પામી છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૧૨ જેટલી થવા જાય છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યા ૬૬ છે આમ જિલ્લામાં ૧૭૮ કેસો એક્ટીવ કેસ છે.

મહાજંગ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ અને આ વખતે તોડફોડ નહી થવા દઈએ. ચારેક વોર્ડ કોંગ્રેસની તરફેણમાં છે જેમાં સરખી મહેનત થાય તો આખે આખી પેનલ જીતી શકે એમ છે. અને ત્રણ-ચાર ઉમેદવારો પોતાના વ્યક્તિગત સંબંધો અને સંપર્કોથી પણ જીતી શકે છે. એટલે કોંગ્રેસના કાર્યકરોમાં ફરીથી લડવાનો ઉત્સાહ તો છે જ અને ઉમેદવારોમાં દર વખતની જેમ કાચુ ના કપાય તો હજુ ભાજપને લડત આપવા ગાંધીનગરમાં કોંગ્રેસ સક્ષમ છે. શરત એ કે બધા એક થઈને લડત આપે જે કોંગ્રેસ માટે અઘરૂ છે.

આમ આદમી પાર્ટીએ તો નવા વિસ્તારમાં પ્રચાર કાર્ય પણ આરંભી દીધુ છે. ઉમેદવાર કોણ હશે, કોણ લડશે એની કોઈને કશી ખબર નથી પણ આમ આદમી પાર્ટી મેદાનમાં છે એવો સંદેશ ગાંધીનગરના નાગરિકોને આપી રહ્યા છે. હવે ઉમેદવારોની પસંદગીની વાત નથી. ઉમેદવારોની શોધ ચાલી રહી છે. સ્વચ્છ, પ્રતિભાશાળી યુવાનો, તબીબો, વકીલો, સામાજિક આગેવાનો સાથે રોજેરોજ વાતચીતો ચાલી રહી છે અને ભલે ઉમેદવારોની શોધમાં અવઢવ હોય પણ સોશિયલ મીડિયામાં આમ આદમી પાર્ટી અવ્વલ નંબરે છે. પ્રચારનો મારો ધોધમાર છે. કેટલાક કોંગ્રેસના ભૂતપૂર્વ અગ્રણીઓ પાસના આગેવાનો તથા સામાજિક અગ્રણીઓ અત્યારે આપ માટે ભરપુર પ્રયાસો કરી રહ્યા છે. આગામી બે-ત્રણ દિવસમાં આપના પણ વોર્ડવાઈઝ સંમેલનો થવાના છે અને લડાઈના મેદાનમાં પોતાનુ અગ્રિમ સ્થાન જમાવી દેશે એવો વિશ્વાસ આમ આદમી પાર્ટીમાં છલકાય છે.

ઝુંબેશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેરાત કરવાનો સિલસિલો ચાલુ છે. હાલ તો કોર્પોરેશનની ચુંટણી માથે છે. ત્યારે રાજકીય પક્ષો ચુંટણીલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. નગરના કહેવાતા રાજકીય અગ્રણીઓની છાવણીમાં છાનેખુણે પણ ચુંટણીની બેઠકોનો દૌર શરૂ થઈ ગયો છે. નગરના માર્ગો પર ચુંટણી આચાર સંહિતાને અનુલક્ષી રાજકીય પક્ષોના બોર્ડસ તેમજ હોર્ડીંગ્સ દુર કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત પ્રચાર પ્રસા